सत्यमेव जयते

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ: | ૨૨ | ૦૮ | ૨૦૨૩ |
| નોંધ્યા તારીખ: | ૨૨ | ૦૮ | ૨૦૨૩ |
| ફેંસલ તારીખ: | ૧૨ | ૦૫ | ૨૦૨૬ |
| સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૦૮ | ૨૦ |

**નામદાર સુપ્રીમ કોર્ટના SUO MOTO WRIT(CRL) NO.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના પ્રકરણ નં. ૫ના ૧૭૯(અ) અન્વયેના નોટીફીકેશન નં. સી–૨૦૦૧–૯૩, તા. ૨૦/૦૫/૨૦૨૨ના ઠરાવેલા પર્ફોમા મુજબ**

**આંક– ૬૦**

**:: નમુના – અ ::**

| **ખેડા જિલ્લાના મહેરબાન અધિક જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રી, મુ.કપડવંજ.** | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૧૨/૦૫/૨૦૨૬ |
| સ્પે. એટ્રોસીટી કેસ નંબર | ૦૫/૨૦૨૩ |

## ગુનાની વિગત

| | |
|---|---|
| ગુનાની કલમ | અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ અત્યાચાર નિવારણ અધિનીયમની કલમ ૩(૧)(આર)(એસ), ૩(૨) (૫–અ) તથા ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ |
| પ્રથમ માહીતી અહેવાલ | પ્રથમ બાતમી નં. પાર્ટ એ. ગુ. ર. નં. ૧૧૨૦૪૦૨૭૨૩૦૩૭૨/૨૦૨૩ |
| પોલીસ સ્ટેશન | કઠલાલ પોલીસ સ્ટેશન |
| ફરીયાદી | સરકારશ્રી/દિનેશભાઈ રમણભાઈ શ્રીમાળી |
| ફરીયાદી તરફે | વિ.વ.શ્રી એમ. આર. પટેલ |
| આરોપી નં. | (૧) દાઉદભાઈ બેચરભાઈ ખ્રિસ્તી, ઉ.વ. ૬૪,<br>(૨) શારદાબેન દાઉદભાઈ ખ્રિસ્તી, ઉ.વ. ૪૯,<br>આરોપી નં. ૧ અને ૨ રહે. ધોધાવાડા, ખ્રિસ્તી ફળીયુ, તા.કઠલાલ, જી. ખેડા.<br>(૩) સિરીલભાઈ પરસોત્તમભાઈ પરમાર, ઉ.વ. ૫૮, |

| | |
|---|---|
| | (૪) વિજયભાઈ પરસોત્તમભાઈ પરમાર, ઉ.વ. ૫૫, આરોપી નં. ૩ અને ૪ રહે. ભાનેર, વણકરવાસ, તા.કઠલાલ, જી. ખેડા. |
| આરોપી નં. ૧ અને ૨ તરફે | વિ.વ.શ્રી જે.બી.મારવાડી |
| આરોપી નં. ૩ અને ૪ તરફે | વિ.વ.શ્રી. એમ.કે.શાહ |

## :: નમુના – બ ::

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ : | ૦૫/૦૮/૨૦૨૩ |
| એફ.આઈ.આર.ની તારીખ : | ૦૬/૦૮/૨૦૨૩ |
| ચાર્જસીટની તારીખ : | ૨૨/૦૮/૨૦૨૩ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ : | ૧૪/૦૫/૨૦૨૪ |
| પુરાવો નોંધવાનું શરુ કર્યા તારીખ : | ૨૮/૦૫/૨૦૨૪ |
| કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ : | ૧૭/૦૩/૨૦૨૬ |
| જજમેન્ટની તારીખ : | ૧૨/૦૫/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | નથી |

## ::આરોપીની માહીતી ::

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | કયાં ગુન્હા હેઠળ ચાર્જફ્રેમ થયેલ છે ? | શું દોષી / નિર્દોષ | સજાની વિગત | ટ્રાયલ દરમ્યાન **UTP** રહેલ સમય ગાળો **CrPC.** ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | દાઉદભાઈ બેચરભાઈ ખ્રિસ્તી | તા. ૦૭/૦૮/૨૦૨૩ | તા. ૦૯/૦૮/૨૦૨૩ | અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ અત્યાચાર નિવારણ અધિનીયમની કલમ ૩(૧)(આર)(એસ) ૩(૨) (૫–અ) તથા ભારતીય દંડ સંહીતાની કલમ– ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ | આખરી હુકમ મુજબ | આખરી હુકમ મુજબ | ૨ દિવસ |
| ૨ | શારદાબેન દાઉદભાઈ ખ્રિસ્તી | | | | | | |
| ૩ | સિરીલભાઈ પરસોત્તમભાઈ પરમાર | | | | | | |
| ૪ | વિજયભાઈ પરસોત્તમભાઈ પરમાર | | | | | | |

## :: નમુનો ક ::

## ફરીયાદપક્ષ/ બચાવપક્ષ / ન્યાયલયના સાક્ષીઓની યાદી

### અ) ફરીયાદપક્ષના સાક્ષીની વિગત :

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧) | નરેન્દ્રભાઈ નાગદાનભાઈ ચાવડા હો. | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ |
| ૨) | દશરથભાઈ બુધાભાઈ તળપદા હો. | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ |
| ૩) | ડૉ. જાનકી રાજેન્દ્રભાઈ દેસાઈ | મેડીકલ ઓફીસર |
| ૪) | શંકરભાઈ શીવાભાઈ તળપદા હો. | મુદ્દામાલ પંચનામાના પંચ |
| ૫) | વિપુલભાઈ બાબુભાઈ તળપદા હો. | મુદ્દામાલ પંચનામાના પંચ |
| ૬) | દિનેશભાઈ રમણ ભાઈ શ્રીમાળી | ફરીયાદી |
| ૭) | દિપીકાબેન ડાહ્યાભાઈ વાઘેલા | સાહેદ |
| ૮) | નિતાબેન ડાહ્યાભાઈ વાઘેલા | સાહેદ |
| ૯) | પ્રવિણ ભાઈ રણ છોડભાઈ પરમાર | સાહેદ |
| ૧૦) | વિક્રમસીંહ નરેન્દ્રસીંહ સોલંકી | તપાસ કરનાર અમલદાર |

### બ) બચાવના સાક્ષી :

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧ | દિપકકુમાર ગોરધનભાઈ સથવારા | ઈ.ચા. સમાજ કલ્યાણ અધિકારી |

### ક) કોર્ટના સાક્ષી :

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | – | – |

## ફરીયાદપક્ષ/બચાવપક્ષ/ ન્યાયાલય તરફથી રજુ દસ્તાવેજો :

### અ) ફરીયાદપક્ષે આપવામા આવેલ આંક:

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ૧૮ | ગુનાવાળી જગ્યાનુ પંચનામું |
| ૨ | ૨૧ | ઈ.પી.આર નં. ૧૫૨૫/૨૩ નો કેસ પેપર્સ |
| ૩ | ૨૨ | ફરીયાદીનુ મેડીકલ સર્ટીફીકેટ |
| ૪ | ૨૪ | મુદ્દામાલ કબજે કરેલાનુ પંચનામું |
| ૫ | ૨૬ | ફરીયાદીના જાતિ અંગેના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ(કબુલ) |
| ૬ | ૩૦ | અસલ ફરીયાદ |
| ૭ | ૪૭ | ફરીયાદપક્ષે પુરાવા બંધ પુરસીશ |
| ૮ | ૫૬ | બચાવપક્ષે આરોપી નં. ૩ અને ૪ તરફે પુરાવા બંધ પુરસીશ |

## બ) બચાવપક્ષે આપવામા આવેલ આંક:

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૩૨ થી ૩૫ | ફરીયાદીએ અન્ય વ્યકિતઓ સામે કરેલ કુલ–૪ એફ.આઈ.આરની સર્ટી. નકલ |
| ૨ | ૫૫ | આરોપી નં. ૩ અને ૪ ના જાતિના પ્રમાણપત્રની ખરાઈ કરી રેકર્ડ મળી આવેલ ન હોવાનુ રોજકામ તથા પંચનામુ |

## ક) ન્યાયાલય દ્વારા આપવામા આવેલ આંક:

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| – | – | – |

## ફરીયાદી તરફે રજુ થયેલ મુદામાલ વિગત :

| ક્રમ | મુદામાલ નંબર | વિગત |
|---|---|---|
| ૧ | મુદ્દા. આર્ટી –૧ | આરોપી વિજયભાઈ પરમારે રજુ કરેલ એક લાકડાના હાથામાં ફીટ કરેલ સ્ટીલનુ ચપ્પુ જેના હાથાની લંબાઈ આશરે પોણા ચાર ઈંચ તથા ફળની લંબાઈ આશરે સાડા ત્રણ ઈંચ ની છે. જેની ઉપર જોતાં લોહી વિગેરેના કોઈ દેખીતા નિશાન જણાતા નથી તે. |

**<u>ગુન્હો : ઈ.પી.કો કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટી એકટ</u>**

**<u>કલમ–૩(૧) (આર)(એસ), ૩(૨), ૫(અ)</u>**

## – :: ચુકાદો :: –

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા. ૦૫/૦૮/૨૦૨૩ ના રોજ કલાક ૧૮:૩૦ વાગે મોજે ઘોઘાવાડા ખાતે આવેલ ખારવાવાળા વિસ્તારમાં આવેલ ખેતરમાં આ કામના ફરીયાદી તથા સાહેદો નં. ૬ થી ૮ નાઓ હાજર હતા. તે વખતે આરોપીઓએ ફરીયાદી અનુસુચિત જાતિના હોવાનું જાણતા હોવા છતાં ફરીયાદીને કહેવા લાગેલ કે, ચામડીયા તે અમારા ખેતરમાં વાવણી કરાવી દીધી છે. આ અડધી જમીન અમારા ભાગની છે અને અમારા નામે છે. તેમ કહી તમામ આરોપીઓએ ફરીયાદીને ગમેતેમ ગાળો બોલી જાહેરમાં જાતિ વાચક અપશબ્દો બોલી અપમાનિત કરતા ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા આરોપી નં. ૧ નાએ ફરીયાદીની ગરદન પકડી ગળદાપાટુનો માર મારવા ફરી વળેલા અને આરોપી નં. ૩ નાએ ફરીયાદીનો હાથ પકડી પેટના ભાગે ગળદાપાટુનો માર મારવા ફરી વળેલ તે દરમ્યાન આરોપી નં. ૪ નો પોતાના ખીસ્સામાંથી ચપ્પુ કાઢી ફરીયાદીને ડાબા હાથના બાવળાના ભાગે મારી દઈ લોહી કાઢી ઈજા પહોંચાડી તથા ઝપાઝપી દરમ્યાન પેટના ભાગે ચપ્પુ વાગી જતાં સામાન્ય લસરકો થઈ ગયેલ. તે વખતે સાહેદો છોડાવવા વચ્ચે પડતા સાહેદ દીપીકાબેન તથા નિતાબેન બન્નેને પણ તમામ આરોપીઓએ ઘોલ ઝાપટ કરી તમામ આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી ગુનો કરતા જે સબબ ફરીયાદીએ કઠલાલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ જાહેર કરેલી.

**કેસ કાર્યવાહીની વિગત :–**

(૨) આ કામે આરોપીઓને સમન્સ કરતા આરોપીઓ હાજર થતાં તેમની સામેના હાલના ગુનાની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલી. ત્યારબાદ આ કામના આરોપીઓને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો મળેલી છે કે કેમ ? તેની ખાત્રી કરી સદર કોડની કલમ–૨૨૬ની જોગવાઈઓનું પાલન કર્યા પછી સદર કોડની કલમ–૨૨૮(૧)(બી) પ્રમાણે આરોપીઓ વિરુધ્ધ તહોમતનામું આંક–૧૨ થી ફરમાવવામાં આવેલ છે તથા સદર કોડની કલમ–૨૨૮(૨) પ્રમાણે આરોપીઓનો જવાબ આંક–૧૩ થી આંક–૧૬ સુધી નોંધી લેવામાં આવેલ છે. આરોપીઓએ તહોમતનામામાં જણાવેલ ગુનો કબૂલ કરેલ નથી અને કેસ આગળ ચલાવવો છે તેવું જણાવેલ છે. ત્યારબાદ ફરીયાદ પક્ષે રજૂ થયેલ પુરાવો રેકર્ડ કરવામાં આવેલો. આ કામના આરોપીઓ જામીન ઉપર મુકત છે.

**ફરીયાદપક્ષનો પુરાવો**

(૩) ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નમુના–ક માં દર્શાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

(૪) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં તેના આધારે આરોપીઓ વિરુધ્ધના સંજોગોનો ખુલાસો કરવાના આશયથી ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ. જેમાં આરોપી નં. ૧ અને ૨ અને ૪ નાઓ જણાવે છે કે,અમો નિર્દોષ છીએ. અમારા વિરૂધ્ધ ખોટો કેસ કરેલ છે. આરોપી નં. ૩ નાઓ જણાવે છે કે, ખોટો કેસ કરેલ છે. અમોએ તપાસ દરમ્યાન તપાસ કરનાર અમલદારને અમો અનુસુચિત

જાતિમાં આવીએ છીએ તેવું જણાવતા અને તેનું પ્રમાણપત્ર રજુ કરવા છતાં તે દસ્તાવેજો લીધેલ નથી અને અમારી સામે ખોટી કલમો લગાડી ચાર્જશીટ કરેલ છે.

**શ્રી સરકાર/ફરીયાદપક્ષ તરફે દલીલો**

(૫) ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીએ મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, આ કામના ફરીયાદીની ફરીયાદ દાખલ થયા બાદ આરોપીઓ વિરૂધ્ધ આંક–૧૨ થી ઈ.પી.કો કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા એટ્રોસીટી એકટ કલમ–૩(૧)(આર)(એસ),૩(૨),૫(અ) મુજબના ગુના અંગે તહોમતનામુ ફરમાવવામાં આવેલ. ફરીયાદપક્ષ તર્ફે આરોપીઓ વિરૂધ્ધ ફરમાવેલ તહોમતનામા અન્વયે પંચો હોસ્ટાઈલ થયેલ છે. પરંતુ તેમની સહીઓ ઓળખી બતાવેલ છે. જેથી તેમની રૂબરૂ પંચનામુ થયેલ હોવાનુ માની શકાય. સાહેદ નં. ૩ થી મેડીકલ ઓફીસર જાનકીબેન ઓઝાને તપાસેલા છે. તેમણે ફરીયાદીની શરીરના ડાબા હાથમાં બાવળા ઉપર ૬×૬×૨ સે.મીનુ સી.એલ.ડબલ્યુ તથા ડાબી બાજુના પેટ ઉપર ૩×૪ સે.મીનો ઉઝરડો હોવાનો અને તેની સારવાર કરેલાનો સમર્થનકારી પુરાવો આપેલ છે. સાહેદ નં. ૬ થી ફરીયાદીને તપાસેલા છે. તેમણે ફરીયાદની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે. સાહેદ નં. ૭ થી દિપીકાબેન ડાહ્યાભાઈ વાઘેલાને તપાસેલા છે. તેમણે ફરીયાદને સમર્થનકારી પુરાવો આપેલ છે. સાહેદ નં. ૮ થી નિતાબેન ડાહ્યાભાઈ વાઘેલાને તપાસેલા છે. તેમણે ફરીયાદને સમર્થનકારી પુરાવો આપેલ છે. સાહેદ નં. ૧૦ થી તપાસ કરનાર અમલદારને તપાસેલા છે. તેમણે પણ ફરીયાદને સમર્થનકારી જુબાની

આપેલ છે. વધુમાં આરોપી નં. ૩ અને ૪ નાઓ અનુસુચિત જાતિના છે તે હકીકત તેઓએ પુરવાર કરેલ નથી. આમ, તમામ હકીકત તેમજ રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાના આધારે ફરીયાદપક્ષે કેસ સાબીત કરેલ હોય આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવા અરજ ગુજારેલ છે.

મુળ ફરીયાદી હાજર છે. તેમણે ફરીયાદપક્ષ તર્ફે એ.પી.પી શ્રી ની દલીલોને તેમની દલીલો ગણી લેવા જાહેર કરેલ છે.

(૬) આરોપી નં.૩ અને ૪ તરફે વિધ્વાન વકીલ શ્રીએ આંક– ૫૭ થી લેખિત દલીલો રજુ કરી વધુમાં મૌખિક દલીલો કરી મુખ્યત્વે તેવી રજુઆત કરેલ છે કે, ગુનાવાળી જગ્યાના તથા મુદ્દામાલ હથિયારના પંચો પંચનામાની હકીકતને સમર્થનકારી જુબાની આપેલ નથી. પંચો હોસ્ટાઈલ થયેલ છે. તેઓ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરતા નથી. સા નં. ૩ થી ડૉ.જાનકીબેન ઓઝાને તપાસેલા છે. તેમણે ઉલટ તપાસમાં ઈજા સામાન્ય પ્રકારની હોય તેવુ જણાઈ તેવુ જણાવે છે. સા. નં. ૬ થી ફરીયાદીને તપાસેલા છે. તેમની ઉલટ તપાસ જોવામાં આવે તો તેઓ આર.ટી.આઈ એકવીટસ હોવાનુ જણાવે છે. તેમણે એટ્રોસીટી એકટની જોગવાઈઓના ઉલ્લંઘન બાબતે જુદા જુદા જીલ્લામાં જઈ ઘણી ફરીયાદો કર્યા બાબતની વિગતો જણાવે છે. જે નકલો આંક–૩૨ થી આંક–૩૫ સુધી રજુ કરેલ છે. જેથી સદર ફરીયાદી નાણાં પડાવવા માટે ખોટી રીતે ફરીયાદો કરવાની ટેવવાળો ઈસમ છે તે સ્પષ્ટ જણાઈ આવે છે. ફરીયાદી તકરારી જમીનના માલીક હોય કે વહીવટદાર હોય તેવા કોઈ પુરાવા રજુ રાખેલ નથી. સા નં. ૭

અને ૮ થી સાહેદ દિપીકાબેન તથા નીતાબેનને તપાસેલા છે. તેમની ઉલટ તપાસ જોતાં ફરીયાદીને આવી ખોટી ફસાવવા નિયુકત કરેલ હોય તેવુ જણાઈ આવે છે. ફરીયાદી તથા સાહેદોની જુબાની માની શકાય નહીં. ફરીયાદપક્ષે સ્વતંત્ર સાહેદને તપાસેલ છે પરંતુ તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી. વધુમાં આરોપી નં. ૩ અને ૪ અનુસુચિત જાતિના છે. જેથી તેમની સામે એટ્રોસીટી લાગુપડે નહી. કહેવાતા બનાવ સમયે ફરીયાદી સીવાય બીજા કોઈ સ્વતંત્ર સાહેદ હાજર હતા કે નહી કે અન્ય સાહેદોની હાજરીમાં આરોપીઓએ ફરીયાદીને કોઈ જાતિ વિષયક શબ્દો બોલેલા હોય અને સાંભળેલા હોય તેવું બનેલ નથી. આમ, આરોપીઓએ ફરીયાદીને જાતી વિષયક અપશબ્દો બોલેલા હોવાની તથા ધમકી આપેલ હોવાની હકીકત ફરીયાદ પક્ષ તેના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી નિ:શંકપણે પુરવાર કરી શકેલા નથી. ફરીયાદીની ફરીયાદ તથા જુબાનીમાં વિરોધાભાસ જણાઈ આવે છે. તે માનવા લાયક નથી. આમ, આરોપીઓએ ફરીયાદીને અપમાનીત કર્યા હોવાના ઈરાદા સાથે કોઈ અપશબ્દ બોલ્યા હોઈ અને ધમકી આપેલ હોઈ તેવો કોઈ પુરાવો રજુ થયો ન હોઈ, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

આરોપી નં. ૩ અને ૪ તરફે તેમના વિ.વ.શ્રીએ તેમની દલીલોના સમર્થનમા નીચે મુજબની ઓથોરીટીઓ રજુ કરેલ છે.

(૧) The judgment of Hon'ble Gujarat High Court in case of *State of Ajaysinh Rajendrasinh Zala Vs. Gujarat.,* reported in 2020(1) GLR

404, in Criminal Appeal No.486 of 2018, decided on 29.04.2019, wherein held on this subject as under:

Evidence by complainant that accused uttered derogatory words concerning his caste. Independent witness deposing that accused did not utter any derogatory words concerning caste Complainant resersed.

(૨) The judgment of Hon'ble Supreme Court of India in case of Sajan s Karia. *Vs. State Of Kerala & Anr., in* Criminal Appeal No.2622 of 2024, decided on 23.08.2024, wherein held on this subject as under:

All insults or intimidations a member of Scheduled Caste or Scheduled Tribe will amount to an offence under Act, 1989 unless such insult ground that victim belongs to Scheduled Caste or Scheduled Tribe.

ઉપરોકત ચુકાદાઓ વંચાણે લીધા. આ ચુકાદાઓની હકીકતો હાલના કેસની હકીકતોથી મહદઅંશે ભિન્ન છે. પરંતુ પુરાવાના મુલ્યાંકન સંદર્ભે આ ચુકાદાઓમા જે કાયદાકીય હાર્દ અને રેશીયો ઠરાવેલ છે તેને આ કેસના પુરાવાના મુલ્યાંકન સમયે તથા આરોપીઓ સામેના આરોપો સંદર્ભેનો ગુણદોષ ઉપર નિર્ણય કરતા સમયે ધ્યાને અને તેને નજર સમક્ષ રાખી આ કેસના ગુણદોષ અંગે ચર્ચા અને નિર્ણય કરેલ છે.

આરોપી નં. ૧ અને ૨ તર્ફે આંક– ૫૮ ની પુરસીશ આપી આરોપી નં. ૩ અને ૪ તર્ફે રજુ દલીલોને તેમની દલીલો ગણી લેવા જાહેર કરેલ છે.

(૭) ઉપરોકત હકીકતે હાલના કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– : મુદ્દાઓ : –**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા. ૦૫/૦૮/૨૦૨૩ ના રોજ કલાક ૧૮:૩૦ વાગે મોજે ધોધાવાડા ખાતે આવેલ ખારવાવાળા વિસ્તારમાં આવેલ ખેતરમાં આ કામના ફરીયાદી તથા સાહેદો નં. ૬ થી ૮ નાઓ હાજર હતા. તે વખે આરોપીઓએ ફરીયાદી અનુસુચિત જાતિના હોવાનું જાણતા હોવા છતાં ફરીયાદીને કહેવા લાગેલ કે, ચામડીયા તે અમારા ખેતરમાં વાવણી કરાવી દીધી છે. આ અડધી જમીન અમારા ભાગની છે. અને અમારા નામે છે. તેમ કહી તમામ આરોપીઓએ ફરીયાદીને ગમેતેમ ગાળો બોલી જાહેરમાં જાતિ વાચક અપશબ્દો બોલી અપમાનિત કરતા ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા આરોપી નં. ૧ નાએ ફરીયાદીની ગરદન પકડી ગળદાપાટુનો માર મારવા ફરી વળેલા અને આરોપી નં. ૩ નાએ ફરીયાદીનો હાથ પકડી પેટના ભાગે ગળદાપાટુનો માર મારવા ફરી વળેલ તે દરમ્યાન આરોપી નં. ૪ નો પોતાના ખીસ્સામાંથી ચપ્પુ કાઢી ફરીયાદીને ડાબા હાથના બાવળાના ભાગે મારી દઈ લોહી કાઢી ઈજા પહોંચાડી તથા ઝપાઝપી દરમ્યાન પેટના ભાગે ચપ્પુ વાગી જતાં સામાન્ય લસરકો થઈ ગયેલ. તે વખતે સાહેદો છોડાવવા વચ્ચે પડતા સાહેદ દીપીકાબેન તથા નિતાબેન બન્નેને પણ તમામ આરોપીઓએ ધોલ ઝાપટ કરી તમામ આરોપીઓએ જાનથી મારી નાંખવાની

ધમકી આપી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ અત્યાચાર નિવારણ અધિનીયમની કલમ ૩(૧)(આર)(એસ), ૩(૨) ૫(અ) તથા ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો શીક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૭.૧) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

**મુદ્દા નં. (૧)** :–

(૮) ફરિયાદપક્ષ તરફે નીચે મુજબના પંચસાહેદો તપાસવામા આવેલ છે.

| અનુ. નં. | સાહેદ નં. | આંક | વિગત |
|---|---|---|---|
| ૧ | ૦૧ | ૧૭ | ગુનાવાળી જગ્યાના પંચસાહેદ નરેન્દ્રભાઈ નાગદાનભાઈ ચાવડા |
| ૨ | ૦૨ | ૧૯ | ગુનાવાળી જગ્યાના પંચસાહેદ દશરથભાઈ બુધાભાઈ તળપદા |
| ૩ | ૦૪ | ૨૩ | મુદ્દામાલ હથિયારના પંચસાહેદ શંકરભાઈ શીવાભાઈ તળપદા |
| ૦૪ | ૦૫ | ૨૫ | મુદ્દામાલ હથિયારના પંચસાહેદ વિપુલભાઈ બાબુભાઈ તળપદા |

ઉપરોકત પંચસાહેદોની જુબાની જોતા તેમાં મુખ્યત્વે પોલીસે જાણે કે તેમની તૈયાર પંચનામાઓમાં સહી લીધેલ હોય તથા તેમની હાજરીમાં જે તે પંચનામું તૈયાર થયેલ ન હોય તેવી વિગતો જણાવી પંચનામાઓની કોઈ વિગતોને કોઈ જ સમર્થન આપેલ નથી. આ પંચસાહેદોને ફરીયાદપક્ષ તરફે હોસ્ટાઈલ જાહેર કરાવી તેઓની વિગતવાર ઉલટતપાસ પણ કરવામાં આવેલ છે, પરંતુ આ પંચોની ઉલટતપાસ પરથી પણ તે પંચો

ધ્વારા પંચનામાઓની વિગતો પુરવાર થાય તેવી કોઈ જ બાબત રેકર્ડ પર આવેલ નથી. ઉપરોકત તમામ બાબતોને ધ્યાને લેતા ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ પંચસાહેદોનો પુરાવો તથા તેઓ મારફતે રજૂ પંચનામા આરોપીઓ સામેના આરોપો પુરવાર કરવા માટે પૂરતું અને નિ:શંક ન હોવાનું સ્પષ્ટ બને છે.

(૮.૧) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. ૩ થી ર્ડા. જાનકી રાજેન્દ્રભાઈ ઓઝાનાઓ ને તપાસવામાં આવેલ છે જેમા તેઓ મુખ્યત્વે એવો પુરાવો આપેલ છે કે, તા. ૦૫/૦૮/૨૩ ના રોજ તેઓ સીવીલ હોસ્પીટલ, નડીઆદ ખાતે મેડીકલ ઓફીસર તરીકે હતા ત્યારે ફરીયાદી સારવાર અર્થે આવેલા. તેમણે ફરીયાદીની સારવાર કરેલી. ફરીયાદીને તપાસતા તેમના શરીરના ડાબા હાથમાં બાવળા ઉપર ૬×૬×૨ સે.મીનુ સી.એલ.ડબલ્યુ તથા ડાબી બાજુના પેટ ઉપર ૩×૪ સે.મીનો ઉઝરડો હોવાનો અને તેની સારવાર કરેલાનો તેમજ ઈજા સાદી અને ૭ થી ૧૦ દિવસમાં કોઈ કોમ્પલીકેશન ન થાય તો રીકવર થાય તેવી અને ઈજા સખત અને બોથડ પદાર્થથી થઈ શકતી હોવાનો પુરાવો આપેલ છે.

આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ દર્દીને કોઈ સ્ટેબ વુન્ડ કે ઈન્સાઈઝ વુન્ડ ન હોવાનુ, ધારદાર હથીયારથી ઈજા કરવામાં આવે તો ઈન્સાઈઝ વુન્ડ થાય અને ઘા ના માર્જીન કલીયર આવતા હોવાનુ, સી.એલ.ડબલ્યુ પ્રકારની ઈજા સખત અને બોથડ પદાર્થથી થઈ શકતી હોવાનુ,

ઈજા નં. ૧ અણીદાર પદાર્થ સાથે અથડાઈ તો થઈ શકે પરંતુ ઘસાવાથી ન થઈ શકતી હોવાની તેમજ ઈજા નં. ૧ જાતે પણ થઈ શકતી હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે.

સદર સાહેદે ફરીયાદીની સારવાર કરેલ છે અને તે બાબતનુ સર્ટીફીકેટ આપેલ છે.

(૮.૨) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. ૬ થી ફરીયાદી દિનેશભાઈ રમણભાઈ શ્રીમાળી ને તપાસવામાં આવેલ છે જેમા તેઓ મુખ્યત્વે એવો પુરાવો આપેલ છે કે, તા. ૦૫/૦૮/૨૩ ના રોજ તેઓ નડીઆદ તેમના ઘરે હતા. તેમની સોસાયટીમાં રહેતા દિનાબેન રોહિત સાથે સારા સબંધો હોઈ તેમની જમીનનો તેઓ વહીવટ કરતા હતા. તા. ૦૫/૦૮/૨૩ ના રોજ સદર જમીનમાં વાવણી કરવા દિપીકાબેન ગયેલા હોઈ તેમનો ફોન આવેલો અને તેઓ કહેવા લાગેલા કે દાઉદભાઈ ખ્રિસ્તી અને તેમનો મોટો ભાણીયો આવી કહેવા લાગેલા કે ખેતર અડધુ અમારુ છે. તમે વાવણી કરશો નહી. તેમ કહી ધમકી આપેલી. જેથી તેઓ તથા નીતાબેનને બાઈક ઉપર બેસાડી ઘોઘાવાડા ખાતે આવેલ ખારવાવાળા વિસ્તારમાં આવેલ ખેતરમાં ગયેલા. ત્યાં દિપીકાબને તથા જમીન ભાગે વાવતા પ્રવિણભાઈનાઓ હાજર હતા. ત્યારબાદ તેઓ બધા આંબાવાળા ખેતરમાં વાવેતર જોવા ગયેલા ત્યારે આશરે સાડા છ વાગ્યાની આસપાસ દાઉદભાઈ, શારદાબેન, દાઉદભાઈનો ભાણીયો વિજય તથા મોટો ભાણીયો જે આર્મીમાં છે તે આવેલા અને સીધા તેમની સાથે મારામારી કરઆ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ સામાજીક કાર્યકર હોવાનો, આજદિન સુધી અન્ય લોકો સામે પાંચ થી છ ફરીયાદો કરેલ હોવાનો, ઘોઘાવાડાવાળી જમીનનો દિપીકાબેને તેમને લેખીતમાં વહીવટ

આપેલ ન હોવાનો, સદર જમીનમાં આરોપીઓના નામ ચાલતા હોવાનો સદર જમીનનો દાવો ચાલતો હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે.

સદર સાહેદે બનાવમાં આરોપીઓએ તેમને જાતિ વાચક શબ્દો બોલેલા હોવાનો તથા અપશબ્દો બોલી ગાળાગાળી કરેલ હોવાનો તેમજ આરોપી વિજયભાઈએ ખિસ્સામાં થી ચપ્પુ કાઢી તેમને ડાબા હાથના બાવળા ઉપર મારી દીધેલ અને પછી પેટના ભાગે ચપ્પુ મારતા જતા લસરકો જઈ જતા લોહી નીકળેલ હોવાનો પુરાવો આપેલ છે. વા લાગેલા અને દાઉદભાઈએ ફરીયદીનુ ગળુ પકડી રાખેલુ અને વિજયભાઈ ગળદાપાટનો માર મારવા લાગેલા અને ખિસ્સામાંથી ચપ્પુ કાઢી તેમને ડાબા હાથના બાવળા ઉપર મારી દીધેલ અને પછી પેટના ભાગે ચપ્પુ મારતા જતા લસરકો જઈ જતા લોહી નીકળેલ. અને જાતિવિષયક શબ્દો સાલા ચામડીયા તમે અમારી જમીનમાં આવ્યા છો તેમ કહી જ્ઞાતિ વિષયક શબ્દો બોલેલા. જેની ફરીયાદ તેમણે કઠલાલ પો.સ્ટે આપેલી. જે ફરીયાદ આંક–૩૦ થી રજુ છે. આરોપીઓને ઓળખી બતાવે છે.

આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ સામાજીક કાર્યકર હોવાનો, આજદિન સુધી અન્ય લોકો સામે પાંચ થી છ ફરીયાદો કરેલ હોવાનો, ઘોઘાવાડાવાળી જમીનનો દિપીકાબેને તેમને લેખીતમાં વહીવટ આપેલ ન હોવાનો, સદર જમીનમાં આરોપીઓના નામ ચાલતા હોવાનો સદર જમીનનો દાવો ચાલતો હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે.

(૮.૩) ફરીયાદપક્ષે સાહેદ નં. ૦૭ થી દિપીકાબેન ડાહ્યાભાઈ વાઘેલા તથા સાહેદ નં. ૦૮ થી નિતાબેન ડાહ્યાભાઈ વાઘેલાનાઓને તપાસેલા છે. તેમણે તેમની ઘોઘાવાડાવાળી જમીનનો વહીવટ ફરીયાદી દિનેશભાઈને આપેલ છે. અને તેમણે સદર જમીન પ્રવિણભાઈને વાવવા આપેલ છે. તા. ૦૫/૦૮/૨૩ ના રોજ તેઓ ખેતરમાં હતી તે વખતે દાઉદભાઈના ભાણીયો જે આર્મીમાં હતા તે આવેલા અને તેમણે તેઓને વાવણી કરતા અટકાવેલા અને મજુરોને ધમકાવેલા. જેથી તેમણે દિનેશભાઈને ફોન કરતા જેથી તેઓ નીતાબેનને બાઈક ઉપર બેસાડી ઘોઘાવાડા ખાતે આવેલ ખારવાવાળા વિસ્તારમાં આવેલ ખેતરમાં ગયેલા. ત્યાં દિપીકાબને તથા જમીન ભાગે વાવતા પ્રવિણભાઈનાઓ હાજર હતા. ત્યારબાદ તેઓ બધા આંબાવાળા ખેતરમાં વાવેતર જોવા ગયેલા ત્યારે આશરે સાડા છ વાગ્યાની આસપાસ દાઉદભાઈ, શારદાબેન, દાઉદભાઈનો ભાણીયો વિજય તથા મોટો ભાણીયો જે આર્મીમાં છે તે આવેલા અને સીધા તેમની સાથે મારામારી કરવા લાગેલા અને દાઉદભાઈએ દિનેશભાઈનુ ગળુ પકડી રાખેલુ અને વિજયભાઈ ગળદાપાટનો માર મારવા લાગેલા અને ખિસ્સામાંથી ચપ્પુ કાઢી તેમને ડાબા હાથના બાવળા ઉપર મારી દીધેલ અને પછી પેટના ભાગે ચપ્પુ મારતા જતા લસરકો જઈ જતા લોહી નીકળેલ. અને જાતિવિષયક શબ્દો સાલા ચામડીયા તમે અમારી જમીનમાં આવ્યા છો તેમ કહી જ્ઞાતિ વિષયક શબ્દો બોલેલા. જેની ફરીયાદ દિનેશભાઈએ કઠલાલ પો.સ્ટે આપેલી. આરોપીઓને તેમજ મુદ્દામાલ ચપ્પાને ઓળખી બતાવે છે.

સદર સાહેદોએ ઉલટ તપાસમાં તેમણે આરોપીઓ પાકના ફોટા અને વીડીયો ઉતારતા હોવાની, વિજયભાઈએ દિનેશભાઈને ચપ્પુ મારતા તેના લીધે દિનેશભાઈના પેટમાં લસરકો પડેલો હોવાનો, આરોપીઓએ તેમને તથા તેમની બેહનને ધોલ ધાપટ કરેલી હોવાનો તેમજ આરોપીઓએ તમે અહીથી કઠલાલ કેમના જાવ છો તેવી હકીકતો પોલીસ નિવેદનમાં જણાવેલ ન હોવાની, તથા સદર જમીનનો સીવીલ દાવો ચાલતો હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે.

(૮.૪) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. ૯ થી સાહેદ પ્રવિણભાઈ રણછોડભાઈ પરમાર ને તપાસવામાં આવેલ છે જેમા તેઓએ તા. ૦૫/૦૮/૨૩ ના રોજ ખારવાવાળી જમીનમાં વાવણીકરતા હતા ત્યારે દિપીકાબેન આવેલા હોવાનો અને ત્યા બીજા કોઈ આવેલ ન હોવાનો તેમજ કોઈએ ચપ્પા વડે કે હાથથી કે અન્ય રીતે કોઈને ઈજા કરેલ હોય તેવુ તેમણે જોયેલ ન હોવાનો પુરાવો આપેલ છે. સદર સાહેદને ફરીયાદપક્ષ તરફે હોસ્ટાઈલ જાહેર કરાવી તેઓની વિગતવાર ઉલટતપાસ પણ કરવામાં આવેલ છે, પરંતુ આ સાહેદની ઉલટતપાસ પરથી પણ ફરીયાદપક્ષની વિગતો પુરવાર થાય તેવી કોઈ જ બાબત રેકર્ડ પર આવેલ નથી.

(૮.૫) ફરીયાદપક્ષે તપાસ કરનાર અમલદાર વિક્રમસિંહ નરેન્દ્રસિંહ સોલંકીને સાહેદ નં . ૧૦ થી તપાસવામાં આવેલ છે જેમા તેઓ મુખ્યત્વે એવો પુરાવો આપેલ છે કે, તા. ૦૬/૦૮/૨૩ ના રોજ તેઓ કપડવંજ ખાતે નાયબ પોલીસ અધિક્ષકની ફરજ બજાવતા હતા ત્યારે ફરીયાદી દિનેશભાઈ રમણભાઈ શ્રીમાળીનાઓએ આરોપીઓ

વિરૂધ્ધ પોતાને જ્ઞાતિ વિરૂધ્ધ અપશબ્દો બોલી ગુન્હો કર્યા બાબતની કઠલાલ પો.સ્ટેમાં ફરીયાદ આપેલી. જે જાતિ વિરુદ્ધ અપમાનજનક શબ્દો બોલવા ધાકધમકી વિગેરે મતલબની હતી જે કઠલાલ પો.સ્ટે ખાતે ૩૭૨/૨૩ થી દાખલ થયેલી. જે મને તપાસમાં મળેલી. ફરીયાદ સાથે ફરીયાદી ગુજરાત રાજ્યમાં અનુસુચિત જાતિ તરીકે માન્ય કરેલ જાતિ પૈકી હિન્દુ ગરોળા જાતિના હોય તે અંગેનુ જાતિ અંગેનુ પ્રમાણપત્ર પણ મળેલુ. આ કામે તા.૦૭/૦૮/૨૩ ના રોજ ગુનાવાળી જગ્યા જે ફરીયાદીના બતાવ્યા મુજબનુ પંચનામાની વિગતે પંચોના લખાવ્યા મુજબનુ પંચનામુ કરેલુ. તેમણે આ કામે આરોપીઓ ને અટક કરેલા. તે કોર્ટમાં હાજર છે તે તે જ છે જેને ઓળખી બતાવે છે. આ કામે અન્ય લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલો. આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો મળતા ચાર્જશીટ કરેલુ.

આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ ફરીયાદી કઠલાલ કે કપડવંજની આજુબાજુનો રહેવાસી હોય તેવુ તેમની તપાસમાં ખુલેલ ન હોવાનુ, તેમની તપાસમાં આ કામના ફરીયાદીએ અન્ય એટ્રોસીટીની ફરીયાદો કરી હોય તેવુ ખુલેલ ન હોવાનુ, બનાવવાળી જગ્યા ફરીયાદીની માલીકીની કે કાયદેસરનો કબજો હોય તેવા દસ્તાવેજી પુરાવો મળી આવેલ ન હોવાની, બનાવ પહેલા આરોપીઓને ફરીયાદી મળેલ હોય તેવુ બનેલ ન હોવાનુ, ફરીયાદીએ ખેતી કરી જમીનની ઉપજ સાહેદ દિનાબેનને આપેલ હોય તેવુ તપાસમાં ખુલેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે.

આમ, સાહેદ નં. ૧૦ નાઓ તપાસ કરનાર અમલદાર છે. તેઓએ પોતાની કાયદેસરની ફરજ દરમ્યાન કરેલ કાર્યવાહી સંબંધે હકીકત જણાવેલ છે. આ સાહેદને બનાવ અંગે સ્વાભાવિક રીતે જે કાંઈ અંગત જ્ઞાન ન હોય.

**સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન**

(૯) ફરીયાદ પક્ષે આ કામે ફરીયાદી દિનેશભાઈ રમણભાઈ શ્રીમાળીને સાહેદ નં. ૬ થી તપાસવામાં આવેલ છે. તેમણે મુખ્યત્વે બનાવમાં આરોપીઓએ તેમને જાતિવાચક શબ્દો બોલેલા હોવાનો તથા અપશબ્દો બોલી ગાળાગાળી કરેલ હોવાનો તેમજ આરોપી વિજયભાઈએ ખિસ્સામાંથી ચપ્પુ કાઢી તેમને ડાબા હાથના બાવળા ઉપર મારી દીધેલ અને પછી પેટના ભાગે ચપ્પુ મારતા જતા લસરકો જઈ જતા લોહી નીકળેલ હોવાનો પુરાવો આપેલ છે. જયારે ઉલટ તપાસમાં તેઓએ સામાજીક કાર્યકર હોવાનો, આજદિન સુધી અન્ય લોકો સામે પાંચ થી છ ફરીયાદો કરેલ હોવાનો, ઘોઘાવાડાવાળી જમીનનો દિપીકાબેને તેમને લેખીતમાં વહીવટ આપેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. ફરીયાદીએ મેડીકલ ઓફીસરશ્રીની રૂબરૂમાં આરોપી દાઉદભાઈ ખ્રિસ્તી ધ્વારા ફીજીકલ એસોલ્ટ કરવામાં આવેલાનુ જણાવેલ છે. જયારે સોગંદ ઉપરની જુબાનીમાં આરોપી દાઉદભાઈએ ગરદનથી તેમને પકડી રાખેલ અને ગળાદાપાટુનો માર મારેલ અને આરોપી વિજયભાઈએ તેમના ખિસ્સામાંથી ચપ્પુ કાઢી તેમને મારેલ હોવાનો તેમજ આરોપીઓ ધ્વારા માર મારવામાં આવેલ ત્યારે સાહેદ પ્રવિણભાઈનાઓએ વચ્ચે પડી તેમને છોડાવેલા હોવાનો પુરાવો આપેલ છે. જયારે સાહેદ

પ્રવિણભાઈનાઓએ કોર્ટ રૂબરૂની જુબાનીમાં બનાવ સમયે કોઈ ખારવાવાળી જમીનમાં આવેલ ન હોવાનો તથા કોઈએ કોઈને કંઈ મારેલ ન હોવાનો પુરાવો આપેલ છે. વધુમો મેડીકલ ઓફીસરશ્રી રૂબરૂ હિસ્ટ્રીમાં બનાવ આઠ વાગ્યાની આજુબાજુ બનેલ હોવાનુ જણાવેલ છે જયારે ફરીયાદમાં બનાવ સાંજના સાડા છ વાગ્યાની આજુબાજુ બનેલ હોવાનુ જણાવેલ છે. આમ ખરેખર બનાવ ચોકકસ કેટલા વાગયે બનેલ તે બાબતે રેકર્ડ ઉપર વિરોધાભાસી પુરાવો આવેલ છે. વધુમાં ફરીયાદીએ પણ ફરીયાદ તથા મેડીકલ ઓફીસરશ્રી સમક્ષ આપેલ હિસ્ટ્રીમાં તથા સોગંદ ઉપરની જુબાનીમાં વિરોધાભાસી પુરાવો આપેલ છે.

વધુમાં સાહેદ દિપીકાબેન તથા સાહેદ નીતાબેન ફરીયાદની નજીકમાં રહેતા હોય તેમજ તકરારી જમીન અંગે તેઓ અને આારોપીઓ વચ્ચે સીવીલ દાવો ચાલતો હોય જેથી તેઓ સ્વાભાવિક રીતે જ હિત ધરાવતા સાહેદ કહેવાય. સાહેદ દિપીકાબેન તથા સાહેદ નીતાબેનનાઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં આરોપીઓ ધ્વારા પાકના વીડીયો કે ફોટો ઉતારતા કોઈ અને ધમકી આપી મજુરોને કાઢી મુકેલ હોય, આરોપી વિજયભાએ દિનેશભાઈને ચપ્પુ મારતા તે ચપ્પાથી દિનેશભાઈને પેટ ઉપર લસરકો પડેલો હોય તેમજ આરોપીઓ ધ્વારા તેઓ બન્ને સાહેદોને ધોલ ધાપટ કરેલી તેવી વિગતો તેમના જવાબમાં લખાવેલ ન હોવાનો સ્વીકાર કરેલ છે. આમ, ફરીયાદી તથા હિત ધરાવતા સાહેદોનો પુરાવો જોતાં પણ વિરોધાભાસ જણાઈ આવે છે. આમ, સદર બન્ને સાહેદો હિત ધરાવતા સાહેદો હોય છે. જેથી તેમનો પુરાવો વિશ્વસનીય માની

શકાય નહીં. આમ, ફરીયાદી અને સાહેદનો પુરાવો આરોપીઓને ગુના સાથે સાંકળવા માટે પુરતો અને નિ:શંક નથી.

(૯.૧) ફરીયાદપક્ષે સ્વતંત્ર સાહેદ તરીકે સાહેદ નં. ૯ થી પ્રવિણભાઈ પરમારનાઓને તપાસેલા છે. તેમણે બનાવ સમયે ખારવાવાળા ખેતરમાં વાવણી કરતા હતા ત્યારે સાહેદ દિપીકાબેન આવેલાનો અને ત્યા અન્ય કોઈ આવેલ ન હોવાનો તથા કોઈએ કોઈને કંઈ મારેલ ન હોવાનો પુરાવો આપેલ છે. આમ, સ્વતંત્ર સાહેદ પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી.

(૯.૨) ફરીયાદપક્ષે સાહેદ નં. ૩ થી ડૉ. જાનકી ઓઝાનાઓને તપાસેલા છે. તેમણે ફરીયાદી દિનેશભાઈને શરીરના ડાબા હાથમાં બાવળા ઉપર ૬×૬×૨ સે.મીનુ સી.એલ.ડબલ્યુ તથા ડાબી બાજુના પેટ ઉપર ૩×૪ સે.મીનો ઉઝરડો હોવાનો અને તેની સારવાર કરેલાનો પુરાવો આપેલ છે. સાહેદે ઉલટ તપાસમાં સદર સાહેદે ઈજા સાદી હોવાનો તથા દર્દીને કોઈ સ્ટેબ વુન્ડ કે ઈન્સાઈઝ વુન્ડ ન હોવાનો અને ધારદાર હથીયારથી ઈજા થયેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, સદર સાહેદનો પુરાવો આરોપીઓને ગુના સાથે સાંકળવા માટે પુરતો અને નિ:શંક નથી.

(૯.૩) એકંદરે જોતા ઉપરોકત સાહેદોનો પુરાવો આગળ ઉપરની ચર્ચા મુજબ મહદઅંશે અને મહત્વની બાબતોએ વિરોધાભાસી અને વિસંગત હોય તથા અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી ફરીયાદીના પુરાવાને નિ:શંકપણે સમર્થન પ્રાપ્ત થતુ ન હોય આ તમામ પુરાવાને આરોપીઓ સામેના આરોપો પુરવાર કરવા માટે પુરતા

અને નિ:શંક પુરાવા તરીકે સ્વીકારી શકાય તેમ ન હોય આ તમામ પુરાવો આરોપીઓ સામેના આરોપો પુરવાર કરવા માટે પુરતા અને નિ:શંક ન હોવાનું સ્પષ્ટ બને છે.

(૯.૪) તપાસ કરનાર અમલદારનો મૌખીક પુરાવો તથા તેમની જુબાની દરમ્યાન રીફર થયેલ દસ્તાવેજી પુરાવો ઘ્યાને લેવામા આવે તો એ બાબત સ્પષ્ટ બને છે કે, આ સાહેદ તપાસ કરનાર અમલદાર છે. તેને જોતા સ્વાભાવિક રીતે જ આ સાહેદને બનાવ સંબંધે કોઈ અંગત કે વ્યકિતગત જાત માહિતી ન હોય તેવી બાબત સ્પષ્ટ બને છે. આ સાહેદે ફરીયાદી, પંચો અને અન્ય સાહેદોનો પુરાવો, પંચનામા અને નિવેદનોની વિગતો ઉપર મહદઅંશે આધાર રાખી મૌખિક પુરાવો આપેલ છે. તેને જોતા આ સાહેદનો બનાવ સંબંધે અને બનાવમાં આરોપીઓની સંડોવણી સંબંધે પુરાવો એ સીધો કે પ્રત્યક્ષદર્શી પુરાવો ન હોવાનુ સ્પષ્ટ બને છે. પ્રસ્તુત કેસમાં ફરીયાદી તેમજ સાહેદોના પુરાવાને તથા તેના મુલ્યાંકન સંદર્ભે આગળ ઉપર કરવામા આવેલી ચર્ચાને ઘ્યાને લેતા આરોપીઓ સામેનુ તહોમતનામું પુરવાર થાય તેવો કોઈ પુરતો અને નિ:શંક પુરાવો ફરીયાદી કે સાહેદો આપતા ન હોય તે તમામ હકીકતોને સંયુકત રીતે જોતા સાહેદોએ આપેલ મૌખિક પુરાવો તેની ફરજના ભાગરૂપે તૈયાર કરવામા આવેલ દસ્તાવેજી પુરાવો પણ ફરીયાદી અને અન્ય સાહેદોના પુરાવાના અભાવે ઘ્યાનમાં લેતા આરોપીઓ સામે ફરમાવવામા આવેલ તહોમત પુરવાર કરવા માટે પુરતો અને નિ:શંક ન હોવાનુ સ્પષ્ટ બને છે.

(૯.૫) વધુમા ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામના આરોપીએ ફરીયાદીને કોઈ શારીરિક પીડા, રોગ અથવા અશકિત નિપજાવેલ હોય અને આરોપીએ મજકૂર કૃત્ય વ્યથા કરવાના ઈરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે, એટલે કે સ્વૈચ્છાપૂર્વક કરેલ હોય, તેવી હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ ગયેલ છે. જે સંજોગોમા આ કામના આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩ તથા ૩૨૪ સાથે વાંચતા કલમ–૧૧૪ અંગેના આવશ્યક તત્વો નિ:શંકપણે પુરવાર થતા નથી.

(૯.૬) ફરીયાદીએ પોતાની ફરીયાદમાં આરોપીઓએ ઉચ્ચારેલા ચોકકસ શબ્દો ટાંકવા જ જોઈએ,જો તેવા કોઈ નિર્દિષ્ઠ આરોપો ટાંકયા ન હોય તેમજ માત્ર આરોપીઓએ ગાળો બોલેલી તેવું જણાવવા માત્રથી આરોપીઓ સામે ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૪ મુજબનો ગુનો બનતો નથી. સદરહુ કામે આંક–૩૦ થી રજુ થયેલ ફરીયાદ હકીકત વંચાણે લેતા, ફરીયાદીએ તેમની ફરીયાદમાં આરોપીઓએ કેવા અને શું અપશબ્દો બોલેલ તે સ્પષ્ટપણે જણાવેલ નથી. વધુમાં ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૪ ની વ્યાખ્યા પ્રમાણે અપમાન ઈરાદાપૂર્વકનું અથવા અપમાનીય વ્યકિત જાહેર સુલેહ શાંતિનો ભંગ કરે અથવા અન્ય ગુનો કરવા ઉશ્કેરણી કરતું હોવું જોઈએ પરંતુ આ કામે તેવી કોઈ હકીકત ફરીયાદી કે સાહેદોનાં પુરાવાથી રેકર્ડ પર આવેલ નથી, તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૪ મુજબનાં આવશ્યક તત્વ મુજબનો પુરાવો રેકર્ડ પર લાવવામાં નિષ્ફળ નિવડેલ હોઈ, આરોપીઓએ ભારતીય

દંડ સંહીતાની કલમ–૫૦૪ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબનો ગુનો કરેલ હોવાનું પુરવાર થતું નથી.

(૯.૭) આ કામે ફરીયાદ પક્ષ તરફે આરોપીઓ સામે ઈ.પી.કો. કલમ–૫૦૬(૨) મુજબનો આક્ષેપ છે ત્યારે ઈ.પી.કો.કલમ–૫૦૬(૨) નાં આવશ્યક તત્વોની ચર્ચા કરવામાં આવે તો જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાની હકીકત ફરીયાદ પક્ષે સાબિત કરવાની રહે છે. માત્ર જાનથી મારી નાખવાની ધમકી આપી છે તેટલા શબ્દો માત્રથી સદર કલમ મુજબનો ગુનો બનવા પાત્ર થતો નથી, પરંતુ ઈ.પી.કો.કલમ–૫૦૬(૨) મુજબની ધમકી બાદ ફરીયાદીને ભય ઉભો થયેલ હોવો જોઈએ અને તે મુજબ ધમકીનાં કારણે ફરીયાદી પોતે જે કામ કરવું જોઈએ તે ન કરેલ હોય તેમજ જે કામ ન કરવું જોઈએ તે કામ કરેલ હોય અથવા તેવી ગુનાહિત ધમકીનાં કારણે ભયમાં મુકાયેલ હોય અને તેઓ તેમના દૈનિક કાર્યો તેવા ભયના કારણે કરી શકે તેમ ન હોય અને આરોપી ધ્વારા આપવામાં આવેલ ધમકીનાં કારણે તેઓ સતત ભયમાં રહેતા હોય તેવી હકીકત રેકર્ડ પર લાવવી ફરીયાદ પક્ષની ફરજ બની રહે છે. ઉપરોકત હકીકતને નજર સમક્ષ રાખી ફરીયાદ પક્ષે તપાસેલા ફરીયાદીનાં પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદી, આરોપીઓ ધ્વારા આપવામાં આવેલ ધમકી બાદ સતત ભયમાં રહેલ હોય તેવી કોઈ હકીકત જણાય આવેલ નથી તેમજ ધમકીનાં કારણે ફરીયાદી તેઓનું રોજીંદુ કામ કરવા માટે અસમર્થ હોય અને સતત ભયમાં રહેતા હોય તેવી પણ કોઈ હકીકત તેઓનાં પુરાવા પરથી જણાય આવતી નથી. ફરીયાદીનાં

પુરાવાનું મુલ્યાંકન કરતા, હાલનો બનાવ બન્યા બાદ બીજો કોઈ બનાવ બનેલ હોય તેવું રેકર્ડ પર આવેલ નથી, તેથી તેઓને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાનાં કારણે તેઓ સતત ભયનાં ઓથાર હેઠળ જીવતા હોય તેવું પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ નિવડેલ હોય આરોપીઓએ ઈ.પી.કો.કલમ–૫૦૬(૨) મુજબનો ગુનો કરેલ હોવાનું પુરવાર થતું નથી.

(૧૦) જયાં સુધી અનુસૂચિત જાતિ અને જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારણા અધિનિયમ, ૨૦૧૫ની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨) (૫–અ) નો આક્ષેપ છે. બચાવપક્ષે ફરીયાદી અનુસુચિત જાતિના છે તે બાબતે વિવાદ નથી. ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદની હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. વધુમાં ફરીયાદી અનુસુચિત જાતિના છે તેટલા કારણ માત્રથી હાલનો ગુનો બનેલ હોય તેવું પુરવાર કરવું આવશ્યક છે. પરંતુ હાલના બનાવના સ્વરૂપ તથા ફરીયાદપક્ષના કેસની હકીકતો જોવામા આવે તો ફરીયાદપક્ષ ફરીયાદી અનુસુચિત જાતિના છે તે કારણ માત્રથી બનાવ બનેલ હોવાની હકીકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરવામા નિષ્ફળ નિવડેલ છે. આમ, અનુસુચિત જાતિ અને જન જાતિ (અત્યાચાર નિવારણ) સુધારણા અધિનિયમ ૨૦૧૫ની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨) (૫–અ) ના કોઈ આવશ્યક તત્વોના અભાવમા આરોપીઓને આ કલમો હેઠળના શિક્ષાત્મક કૃત્ય માટે તકસીરવાર ઠરાવી શકાય તેમ ન હોવાનુ સ્પષ્ટ બને છે.

આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ આ કામના ફરીયાદી અનુસૂચિત જાતીના સભ્ય હોવાનું આરોપી જાણતા હોવા છતાં આરોપીએ અનુસૂચિત જાતિ અને જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારણા અધિનિયમ, ૨૦૧૫ની કલમ– ૩(૧)(આર)(એસ), ૩(૨) (૫–અ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની હકીકત ફરીયાદપક્ષે શંકાથી પર રીતે સાબીત કરવામા નિષ્ફળ ગયેલ હોય અને અનુસૂચિત જાતિ અને જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારણા અધિનિયમ, ૨૦૧૫ ની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨) (૫–અ)ના આવશ્યક તત્વો સંતોષાતા ન હોય ત્યારે આ કલમો હેઠળના શિક્ષાત્મક કૃત્ય માટે આરોપીઓને તકસીરવાર ઠરાવી શકાય તેમ ન હોવાનું અત્રેની અદાલતનુ માનવું છે તે સંજોગોમાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબ મુદ્દા નં. ૦૧ નો જવાબ **નકારમાં** ઠરાવવામા આવે છે.

આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધનુ તહોમત વાસ્તવિક પુરાવાથી તેમજ સાંયોગિક પુરાવાથી પુરવાર કરેલ નથી તે સંજોગોમા આરોપીઓ સામેનો ગુનો ફરીયાદપક્ષે નિ:શંકપણે સાબિત કરવામા નિષ્ફળ ગયેલ છે. તેથી મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયના હિતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

## –:: આખરી હુકમ ::–

(૧) આ કામના આરોપી નં.(૧) દાઉદભાઈ બેચરભાઈ ખ્રિસ્તી, (૨) શારદાબેન દાઉદભાઈ ખ્રિસ્તી, બન્ને રહે.ઘોઘાવાડા, ખ્રિસ્તી ફળીયુ, તા. કઠલાલ, જી. ખેડા,(૩) સિરીલભાઈ પરસોત્તમભાઈ પરમાર, (૪) વિજયભાઈ પરસોત્તમભાઈ પરમાર, બન્ને રહે. ભાનેર,

વણકરવાસ, તા. કઠલાલ, જી. ખેડાનાઓને ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫ (૧) મુજબ તેઓની સામેના ભારતીય દંડ સંહિતાની કલમ–ઈ.પી.કો કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટી એકટ કલમ–૩(૧) (આર)(એસ), ૩(૨) (૫–અ) હેઠળના સજાપાત્ર ગુનાના તહોમતમાંથી વિશ્વસનીય પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામનાં પ્રત્યેક આરોપીઓએ અપીલ સમય સુધીના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭ (એ) મુજબના રૂા.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા)ના જામીન આપવા.

(૩) બીન કિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૧૨ મી, માહે મે, સને ૨૦૨૬ ના રોજ અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા. ૧૨/૦૫/૨૦૨૬
કપડવંજ

**(કમલેશકુમાર સોમાભાઈ પટેલ)**
સ્પે. જજ (એટ્રોસીટી)
કપડવંજ (ખેડા)
(જીજે૦૦૫૩૨)